# પ્રકરણ– ૮

# ઉપસંહાર

ભારતની નારી ૨૧મી સદીમાં તેની નવીન સંસ્કૃતિ રચી રહી છે. જેમાં જૂની સઘળી માન્યતાઓ, રૂઢિઓ અને રિવાજોને તિલાંજલિ આપવામાં આવી રહી છે. જેનાં સંસ્કાર નારીની આધુનિક અસ્મિતા અને ગરિમામાં ઉત્પન્ન થયા હશે. જે મુક્ત સ્વતંત્રતાના પ્રખર હિમાયતી હશે. એ યુગ નવો હશે. જેને પુરુષો પણ સ્તબ્ધ બનીને અચંબાથી નિહાળશે ! તે દિવસની નારીની વિચારધારા સહેજ ચોંકાવનારી હોવા છતાં યથાર્થ હશે. નૂતન શતકનું સ્વાગત નારીના હાથો વડે અને વિચારો વડે જ થશે. તેથી જ વિવિધ ભાષાની ભારતીય નવલકથાઓ ઉપરથી માલૂમ પડે છે. વિવિધ ભાષાની પસંદ કરેલ નવલકથામાં રજૂ થતી નારીની સ્થિતિ દરેક સમયે જુદી જુદી જોવા મળે છે.

'ભારતીય નવલકથામાં નારી'માં વિવિધ ભાષાની પસંદ કરેલ નવલકથામાં આપણે કુલ ૧૭ (સત્તર) નવલકથા પ્રાપ્ત થાય છે. તેમાં ગુજરાતી, હિન્દી, બંગાળી, પંજાબી, મરાઠી, ઉડિયા, અસમિયા, ઉર્દૂ, તેલુગુ અને અંગ્રેજી ભારતીય નવલકથાનો સમાવેશ થાય છે.

સૌપ્રથમ પ્રકરણ–૧માં 'ભારતીય સમાજમાં નારી સામાજિક અભિગમ'માં જોયું કે વિવિધ યુગમાં નારીની બદલાતી પરિસ્થિતિ યુગ અને સમય પ્રમાણે જોવા મળે છે. ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન વિભિન્ન યુગમાં બદલાતું રહ્યું છે. ઋગ્વેદમાં ગૌરવવંતુ સ્થાન ભોગવતી સ્ત્રી અનુવૈદિક યુગમાં ગૌણ સ્થાન પામતી ગઈ. મધ્યકાલીન યુગમાં ધીમે–ધીમે એ અંધકારયુગમાં ધકેલાઈ ગઈ. અંગ્રેજ અને સમાજ સુધારકોમાં જાગેલી નારી મુક્તિની ભાવનાએ કેટલાંક કાનૂનો તથા સામાજિક સંગઠનો દ્વારા સ્ત્રીના સ્થાન સુધારણા માટેના

પ્રયત્નો કર્યાં. ભારતીય સમાજમાં વિવિધ સામાજિક સમસ્યાઓ સ્ત્રી જીવનના વિવિધ પાસાને સ્પર્શે છે. ધર્મ અને સમાજ સ્ત્રીને માતા અને પત્ની એમ– બે અંતિમ ધ્રુવોએ રહેલા રૂપમાં જોતો આવ્યો છે તેથી આજ લગી ધર્મ અને સમાજે આપેલી નારીની વિભાવના ઘણી અસંગત અને વિરોધાભાસોથી ભરેલી છે જ્યારે માતાના રૂપમાં સ્ત્રીને જોવામાં આવે છે ત્યારે એની પ્રશંસામાં કોઈ કસર નથી રહેતી પણ પત્નીના રૂપમાં મૂલવવામાં આવે છે ત્યારે હીનમાં–હીન, નિંદા શોષણ અને અપમાનથી એવી દોરંગી મૂલ્ય પ્રાચીનકાળથી આજ પર્યંત ચાલતું આવ્યું છે તે આ પ્રકરણમાં જોવા મળે છે.

પ્રકરણ–૨માં 'ગુજરાતી નવલકથામાં નારી' નારીવાદની ઘોષણા કરતી ગુજરાતી લેખિકાઓમાં ઈલા આરબ મહેતા, કુન્દનિકા કાપડિયા, ધીરુબહેન પટેલ આ ત્રણેયની નવલકથામાં પ્રસ્તુત થતી નારી જુદી–જુદી ભૂમિકાએ રજૂ થતી જોવા મળે છે. 'બત્રીસ પૂતળીની વેદના'માં લેખિકાએ બત્રીસ પૂતળીની મૂળવાર્તાના સન્દર્ભેમાંથી લેવામાં આવી છે. પુરુષ સમાજે ઘડેલા નિયમોના કોચલામાંથી જ્યારે સ્ત્રી બહાર આવે છે. પોતાની જાત સાથે થતા અન્યાયો પ્રત્યે જ્યારે તે જાગ્રત થાય ત્યારે સર્જાય છે. 'બત્રીસ પૂતળીની વેદના' તેમાં આવતી નારી પોતાની અલગ–અલગ ભૂમિકાએ રજૂ થતી જોવા મળે છે. તો કુન્દનિકા કાપડિયાની 'સાત પગલાં આકાશમાં' કુન્દનિકાબહેને હિન્દુ લગ્ન પરંપરામાં સપ્તપદીની વિધિ સાથે સંદર્ભ ધરાવતું શીર્ષક 'સાત પગલાં આકાશમાં' આપ્યું છે. આ કૃતિમાં સ્ત્રી–શોષણની સમસ્યાને લેખિકાએ ઉન્માદપૂર્વક વ્યક્ત કરી છે. પુરુષ કેન્દ્રીય સમાજમાં પુરુષો દ્વારા સ્ત્રીનું શોષણ તો થાય જ છે પરંતુ સ્ત્રી દ્વારા સ્ત્રીનું શોષણ થાય છે. વસુધા જેવી પુરુષ અર્થાત્ વ્યોમેશથી ઘવાય છે. તેથી વધુ તો તે સ્ત્રી એટલે કે ફૈબાથી ઘવાય છે. ફૈબાની વસુધા પરની જોહુકમીના અનેક દષ્ટાંતો જોવા મળે છે. ભારતીય સમાજની કુટુંબ વ્યવસ્થામાં સ્ત્રી પક્ષે ઘણું બધું સમાધાન કરવું પડે. સમાજમાં સ્ત્રીઓની વાસ્તવિક સ્થિતિનો ચિતાર આપતી આ નવલકથાએ ખરેખર જ ક્રાંતિની એક લહેર ઊભી કરી હતી. ખાસ કરીને મધ્યમવર્ગની સ્ત્રીઓમા જે જાગૃતિ આવી છે તેમજ સમાજમાં સ્ત્રી પ્રત્યે જોવાનો દષ્ટિકોણ

બદલાયેલો છે તેમાં મહદ્અંશે આ નવલકથાનો ફાળો જોવા મળે છે. તો ધીરુબહેન પટેલની 'આંધળી ગલી'માંથી પસાર થયા બાદ એ જોઈ શકાય છે કે આ નવલકથા કોઈ બળવો કરતી કે પુરુષ દ્વારા શોષિત નારીની કથા નથી આ કથા છે. આંતરમનમાં ધરબાયેલા સંવેદનોની એકલવાયું નીરસ જીવન જીવતી એક નારીના હૃદયની તૃષાની આ કથા છે પણ પોતાની તૃષ્ણાને આઘાતની ક્ષણે કાબૂ કરી સ્વસ્થતાથી આંધળી ગલીમાં ગરકાવ થતી સ્ત્રીની આત્મ જાગૃતિનો પડઘો પાડતી નર્યા આંતરમનની ખળભળાટની આ કથા છે. જીવનની જુદી જુદી પરિસ્થિતિ અને જુદા જુદા ધરાતલ પર લખાયેલ ઉપરોક્ત નારીલક્ષી કૃતિઓમાં ધીરુબહેનની સર્જકતા અને નારીના મનને તાગવાની દષ્ટિ સ્પષ્ટ દેખાય છે.

પ્રકરણ–૩ 'હિન્દી નવલકથામાં નારી'માં ચિત્રામુદ્ગલ, કૃષ્ણા સોબતી અને સુરેન્દ્ર વર્માની નવલકથાઓમાં પ્રસ્તુત થતી ત્રણેય નારીની ભૂમિકા સાવ જુદા પ્રકારની જોવા મળેલી તેમાં ચિત્રા મુદ્ગલની 'આવા'માં લેખિકાએ સમાજના જે દૂષણો અત્યાચારો, શોષણો લેખિકાએ નિરૂપ્યા છે. ભારતમાં બનતી ઘટનાઓને પણ લેખિકાએ આ નવલકથામાં વણી લીધી છે. સ્ત્રીઓ માટેની અલગ ટ્રેન અને તે વખતે થયેલા અકસ્માત બાબરી મસ્જિદની ઘટના, મિલોમાં હડતાલની ઘટના વગેરેમાં સામાજિક, રાજકીય, આર્થિક સમસ્યાઓ પણ નારીચેતના સાથે નિરૂપાઈ છે. અને તેમાં લેખિકાના પોતાના વિચારોનો પ્રભાવ પણ જણાય છે. એક શ્રમજીવી પરિવારમાંથી આવતી કથાનાયિકા નમિતાના જીવનની દયનીય સ્થિતિ ભારતીય સમાજમાં કેવા પ્રકારની હોય છે તે નમિતાના પાત્ર દ્વારા લેખિકાએ આપણી સમક્ષ રજૂ કરી છે. આ નવલકથામાં નાયિકા કેન્દ્રમાં હોવાથી નારી સંવેદના પ્રભાવક રીતે રજૂ થઈ છે. લેખિકાએ એ પણ સ્પષ્ટ રીતે દર્શાવ્યું છે કે એકાદ સંગઠન, મોરચો, ઘટના કે કાયદાથી પરિસ્થિતિ બદલવાની નથી. સમાજની સમતુલા સાચવવાનો પ્રયત્ન કરવો પડશે, તો કૃષ્ણા સોબતીની 'મિત્રો મરજાની' નવલકથામાં લેખિકાએ કથાનાયિકા મિત્રોની કાયાતરસની તીવ્રતા અને પ્રેમની અનન્યતા તરફ કેવી વળે છે. તેનું મનોવૈજ્ઞાનિક અભિગમથી આલેખન કર્યું છે. 'માનવ જીવનમાં સેકસનું મહત્ત્વ છે

પરંતુ 'સેક્સ' જ સર્વેસર્વાનથી સેકસ અને પ્રેમ એકબીજાની સમાનાર્થી કે વિરોધી સંજ્ઞા નથી. 'મિત્રો મરજાની'માં મિત્રોની પ્રકૃતિદત્ત, સેક્સવૃત્તિ, સંસ્કૃતિદત્ત સમ્બન્ધ વ્યવસ્થાના વર્તુળમાં જે રીતે પગ મૂકતી નિરૂપાઈ છે તે આ નવલકથાનો કલાત્મક અને આસ્વાદ્ય અંશ છે. મિત્રોના પરિવર્તનની આ પ્રક્રિયા જ કૃતિની વિષય સામગ્રી બને છે. કૃષ્ણા સોબતીની ' મિત્રો મરજાની' નવલકથા આધુનિક યુગની અનોખી દેન સમાન સાબિત થાય છે તો સુરેન્દ્ર વર્માની 'મૂઝે ચાંદ ચાહિયે'માં લેખિકાએ પોતાની નાટ્યપ્રતિભાની ક્ષમતાનો પૂર્ણ વિનિયોગ આ કૃતિમાં કર્યો છે. સમકાલીન હિન્દી નવલકથાઓમાં, સમકાલીન સમાજમાં પ્રવર્તમાન વ્યવસ્થાનો ઢાંચો જીવનને કયાને કઈ રીતે ઉપકારક છે કે અપકારક છે તેનું ચિત્રણ મળે છે. ભારતીય નારી તરીકે સુરેન્દ્ર વર્મા એ જે પાત્ર વર્ષા વશિષ્ઠનું આપણી સમક્ષ મૂક્યું છે તે ૨૧મી સદીની દેન છે. તેમાં સ્ત્રી પોતાની રીતે સ્વતંત્રપણે પોતાના નિર્ણયો લઈ શકે છે. સૌથી મોટી સ્ત્રી તરીકેની સ્વતંત્ર વિચારસરણી રજૂ કરી છે. દરેક નિર્ણય પોતાના જ હોવા જોઈએ અને તે નિર્ણયો સામે લાવવાની માનસિક તૈયારી પણ તે દાખવે છે. આ નવલકથામાં લેખિકાએ જે વર્ષા વસિષ્ઠનું પાત્ર નારી તરીકે આલેખ્યું છે તેમાં એક સ્ત્રીના મનોજગત અને અસ્તિત્વનો આગવો પરિચય નવલકથાની નાયિકા દ્વારા દર્શાવવામાં આવ્યો છે. પોતે જે રીતે જીવવા ઈચ્છે છે તેવી જ જિંદગી વર્ષા વષિષ્ઠ જીવે છે પોતાના પિતાથી જુદી એવી પોતાની દુનિયા ઊભી કરે છે. આજના ભારતીય સમાજમાં અતિઆધુનિક યુગમાં ઘણેઅંશે આ પ્રકારની જિંદગી જીવવાનું સ્વીકાર કરતી સ્ત્રીઓ જોવા મળે છે. આમ એક જ ભાષાની ત્રણેય કૃતિઓમાં આવતી કથાનાયિકા પોતાના અસ્તિત્વની અલગ અલગ ઘોષણા કરતી જોઈ શકાય છે.

પ્રકરણ–૪માં 'બંગાળી નવલકથામાં નારી' સૌપ્રથમ જ્ઞાનપીઠ પુરસ્કૃત મહિલા લેખિકા આશાપૂર્ણા દેવી, મૈત્રેયી દેવી અને શરદબાબુની નવલકથામાં આવતી નારીની વાત કરવામાં આવી છે. આશાપૂર્ણા દેવીની જ્ઞાનપીઠ પુરસ્કૃત કૃતિ 'પ્રથમ પ્રતિ શ્રુતિ'માં લેખિકાની દષ્ટિએ નારી અસ્મિતાનો પ્રશ્ન ભારતીય નારી સમાજનો પ્રાણ પ્રશ્ન રહ્યો છે.

હજારો વર્ષોથી ગુજરાતી યાતનાઓએ નારીની કરોડરજજુ તોડી પાડી હતી પરંપરાથી ઊતરી આવેલી આ જડબેસલાક સામાજિક વ્યવસ્થાએ સ્ત્રીમાં તેના અસ્તિત્વની સભાનતાની ટશર સુદ્ધાં ફૂટવા દીધી નથી. અમાનુષી સામાજિક વ્યવસ્થાઓ વચ્ચે નારી ઉત્થાનની વાત જે રીતે અહીં આકારિત થઈ છે. તેની નોંધ લેવી પડે આ નવલકથામાં લેખિકાએ ભારતીય નારી સમાજને અવગત કરાવતા હોય તેમ લેખિકાએ જુદા જુદા સ્તરના સંખ્યાબંધ સ્ત્રીપાત્રોનું નિરૂપણ કર્યું છે. સામાજિક દસ્તાવેજ સમાન આ કૃતિમાં ઓગણીસમી સદીના ઉત્તરાર્ધનું ગ્રામ જીવન કલકત્તાનું શહેરીજીવન અને ખાસ તો તત્કાલીન સ્ત્રી જીવન પ્રતિબિંબિત થયું છે તો મૈત્રેયી દેવીની ‘ન હન્યતે’માં લેખિકાએ આત્મકથાત્મક નવલકથાનો વિનિયોગ કર્યો છે. ‘ ન હન્યતે’માં સામગ્રી આત્મકથાની છે રચનાકલા નવલકથાની છે. લેખિકાએ તેમની કિશોરાવસ્થામાં અનુભવેલા પરદેશી યુવાન પ્રત્યેના પ્રેમભાવ તથા લગ્નસંદર્ભમાં તેમને મળેલી નિષ્ફળતાના પરિણામે ઊભી થયેલી. ભાવ પરિસ્થિતિને પ્રસ્તુત નવલકથાની વસ્તુ સામગ્રી તરીકે નિરૂપી છે. અહીં અતીતનો પ્રણય પ્રસંગના સ્મરણરૂપે કહેવાતી અને અનુભવાતી કથા નવલકથાનું ઉદ્‌ભાવક પ્રેરક અને પોષક પરિબળ છે. અતિતના અનુભવોનું વર્તમાનકાળ સાથે અનુસંધાન સાધીને કથાને અંત સુધી વહેતી રાખી છે તો શરદબાબુનો ‘વિરાજવહુ’માં ભારતીય નારીના એક વરવારૂપને આપણી સમક્ષ રજૂ કર્યું છે. ભારતીય નારીના જે દર્શન કરાવ્યા છે તે શરદબાબુ જેવો જ લેખકો દ્વારા એ શકય બને ઘરની પરિસ્થિતિ ગમે તેવી હોય પરંતુ સ્ત્રી તરીકેની ફરજ જે ઘર ચલાવવા માટેની છે તે વિરાજના પાત્રમાં અવારનવાર દેખાયા વગર રહેતી નથી એક સ્ત્રીમાં જ કુદરતે એવી શક્તિ આપી છે કે ગમે–તેમ કરી ઘરના બે છેડા ભેગા કરી આપે છે. આમ શરદબાબુની નવલકથા કલાથી ભારતીય સાહિત્ય ધન્ય બન્યું છે. આ કૃતિમાં આપણને નારી વિશેની શરદરબાબુની ઉચ્ચ ભાવનાનું દર્શન થાય છે. આમ આશાપૂર્ણા દેવીની ‘પ્રથમ પ્રતિ શ્રુતિ’, મૈત્રેયી દેવીની ‘ ન હન્યતે’ અને શરદબાબુની ‘વિરાજવહુ’ ત્રણેય કથામાં આવતી ભારતીય નારી સાવ જુદા જ સ્વરૂપમાં રજૂ થતી જોવા મળે છે.

પ્રકરણ–૫માં ‘પંજાબી અને મરાઠી નવલકથામાં નારી’ અમૃતા પ્રિતમની ‘પિંજર’ દલીપ કૌરની ‘આનુ નામ જિંદગી’ અને મરાઠી ભાષાની શ્રીધર વ્યંકટેશ કેતકરની ‘બ્રાહ્મણકન્યા’નો સમાવેશ થાય છે. અમૃતા પ્રિતમની ‘પિંજર’માં ૧૯૪૭ની સાલનાં ભારત–પાકિસ્તાનના ભાગલાના સમયને અમૃતા પ્રિતમે ‘પિંજર’માં જીવંત કર્યો છે. ‘પિંજર’માં પૂરો નામની એક નારીની કથા છે. ત્યારના સાંપ્રતમાં અને આજના સાંપ્રતમાં પણ સત્તા જે રીતે સંઘર્ષ અને હિંસાના બનાવોને માત્ર સર્જક બળવો કરે છે ને લેખન દ્વારા એ માનવીય વ્યથાને વ્યક્ત કરે છે. ‘પિંજર’ આનું ઉત્તમ ઉદાહરણ છે. આમ ‘પિંજર’ માનવીય વેદનાનું ‘પિંજર’ હોવા છતાં આવી રીતે એ મુક્તિનું દ્વાર પણ બને છે તો દલીપ કૌરની ‘આનું નામ જિંદગી’માં સુખમય જીવન જીવતી એક ભારતીય યુવતીને જાણે નારી તરીકે લીધેલા જન્મની જ સજા ભોગવવાની હોય તેમ વેચાતું રહેવું પડે છે. ઘર અને ઘરવાળા બદલતા રહેવું પડે છે. અપમાન અને આઘાતજનક સ્થિતિમાં મુકાતાં રહેવું પડે છે. તેવી દયનીય સ્થિતિ કથાનાયિકાની સર્જાય છે તો શ્રીધર વ્યંકટેશ કેતકરની ‘બ્રાહ્મણકન્યા’ના અકુલીન સંબંધોના પરિણામે થયેલા બ્રહ્મસંતાનોનું ભવિષ્ય એ આ નવલકથામાં પ્રતિત થતું જોવા મળે છે. એક જ્ઞાતિમાંથી બીજી જ્ઞાતિમાં જ્યારે સંતાનોના લગ્ન થાય છે ત્યાર પછી જે મુશ્કેલીઓ સર્જાય છે તેની ઘટનાનું બયાન કાલિંદીના પાત્ર દ્વારા લેખકે ઉપસાવી કાઢ્યું છે. આમ ત્રણેય નવલકથામાં પ્રસ્તુત થતી ભારતીય નારી પોતાની અલગ એવી છાપ છોડી જાય છે.

પ્રકરણ–૬માં ‘અન્ય ભારતીય ભાષાઓની નવલકથામાં નારી’માં ઉડિયા ભાષાની પ્રતિભા રાય કૃત દ્રૌપદી અસમિયા ભાષાની ઈન્દિરા ગોસ્વામીની ‘છિન્નમસ્તા’, ઉર્દૂ ભાષામાં મિરઝા હાદી રુસ્વાની ‘ઉમરાવજાન અદા’, તેલુગુ ભાષામાં શ્રીમતિ મુપ્પાળ રંગનાયક કમાન્ડની ‘પત્તાનો મહેલ’ અને ભારતીય–અંગ્રેજી ભાષાની અનિતા દેસાઈની ‘ઉપવાસ/ઉજાણી’નો સમાવેશ કર્યો છે. તેમાં પ્રતિભા રાય કૃત દ્રૌપદી મહાભારતનું એક વિલક્ષણ અને મહત્ત્વનું ચરિત્ર છે. ઉડિયા ભાષાના સમર્થ સ્ત્રી સર્જક પ્રતિભા રાયની રાજ્ય

વ્યવસ્થામાંથી સન્માનિત 'યાજ્ઞસેની' સમગ્ર ભારતવર્ષની પિતૃસત્તાક રાજય વ્યવસ્થામાંથી નીમાયેલી નારી છે. જુદી–જુદી ઘટના સંદર્ભે દ્રૌપદીના મનમાં જે વિચારો આવે છે પ્રશ્ન ઊઠે છે એના સમાધાન શોધે છે. દ્રૌપદી એક નારી છે. નારી હોવાને કારણે જ અને જે વિષય પરિસ્થિતિનો સામનો કરવો પડે છે એ એને નારી સમસ્યાઓ તરફ દોરી જાય છે પણ એની આધુનિકતા કેવળ નારી સમસ્યાઓ પૂરતી જ મર્યાદિત નથી. અનેક બાબતે એની આધુનિક વિચારસરણી અનુભવાય છે તો ઈન્દિરા ગોસ્વામીની 'છિન્નમસ્તા'માં અસમના ગુવાહિટ સ્થિત જગ વિખ્યાત શક્તિપીઠમાં કામાખ્યાન દેવીની ધાર્મિક પરંપરાના સન્દર્ભે સર્જાયેલી શ્રદ્ધા–અંધશ્રદ્ધા વચ્ચે ફસાયેલી અજ્ઞાન ગરીબ નિરક્ષર પ્રજા અને બે વિરોધી વિચારધારાઓના સંઘર્ષને આલેખવામાં આવ્યો છે. આમ ભારતીય નવલકથામાં કોઈ એક ભારતીય નારીની જ નહિ પણ અહીં તો સાક્ષાતદેવી એવી સતીની વાત છે. આ કૃતિમાં લેખિકાએ ત્યાના લોકોની શ્રદ્ધા–અંધશ્રદ્ધા અને માન્યતાઓને દર્શાવવામાં આવી છે. હાલની તકે આજે પણ લોકો એ માન્યતાઓ મુજબ જીવન વિતાવવા આવે છે. તો મિર્ઝા હાદી રુસ્વાની 'ઉમરાવજાન અદા'માં લેખકે નવલકથાની વાર્તાવસ્તુ ઉમરાવજાન અદાના પાત્રની આસપાસ ગુંથાયેલી હોવા છતાં આખીય નવલકથા ગણિકાનું જીવન જીવતી સમગ્ર નારી વર્ગની કથા બની રહે છે. કોઈ ગણિકા બનાવવા માટે તેને મજબૂર કરે છે. કથાનાયિકા અમિરનનું ઉમરાવ જાનમાં પરિવર્તન થવાની ઘટના જેટલી રસપ્રદ છે. એટલો કરુણ અને વાસ્તવિક છે. આમ ખાનદાન કુટુંબમાં જન્મેલી કન્યા પોતાના કોઈ વાંક વગર સમગ્ર સામાજિક પરિસ્થિતિ વચ્ચે એક બદતર જીવનનો ભોગ બને છે. એની દુઃખદ આપવિતીનો ઈતિહાસ દુર્ભાગ્યને ભરેલી આવી અનેક નારીના જીવનને પ્રતિનિધિરૂપે રજૂ કર્યો છે તો શ્રીમતિ મુપ્પાળ રંગનાયકમ્માની 'પત્તાનો મહેલ' નવલકથામાં નારી માનસના નવોન્મેષનું સશક્ત, સહજ અને સજગ ચિત્ર મળે છે. નવલકથાની નાયિકા ભાનુમતી સ્વતંત્ર વિચારો ધરાવતી સ્ત્રી છે. જે પરિસ્થિતિ સમજે તો છે પણ તે પરિસ્થિતિ સાથે બાંધછોડ કરવા નથી માંગતી. ભાનુમતી એવી કથાનાયિકા છે કે જેને પોતાના ભવિષ્ય માટે જે સ્વપ્નાઓ જોયા

હતા તે સ્વપ્નાઓ તેના ભવિષ્યમાં ખરેખર બનતાં નથી. ભાનુમતીની વિવશતા અને વિહવળતા જાણતી આધુનિક નારીનું સજીવ ચિત્રણ તેના પાત્ર દ્વારા જોવા મળે છે. આમ લેખિકાએ ભાનુમતિમાં નારીના જીવનના નોખી જ ભાત ઉપસાવતી છબી રજૂ કરી છે. તો અનિતા દેસાઈની 'ઉપવાસ/ઉજાણી'માં લેખિકાએ બિહાર રાજ્યના કોઈ કસબામાં રહેતા વકીલ દંપતીની બે કન્યાઓ ઉમા અને અરુણાની વાત કરી છે. પ્રૌઢ વયે તેના માતા–પિતા એક પુત્રને જન્મ આપે છે. તેનો આઘાત ઉમાને લાગે છે. આમ આ નવલકથામાં લેખિકાએ આજે પણ ભારત જેવા દેશમાં દીકરીઓ કરતા પણ દીકરાઓનું કેટલું મહત્ત્વ છે તે આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે. એકબાજુ ઉમાનું ઉપવાસી જીવનની સામે એના ભાઈ અરૂણનું ઉજાણી જેવું જીવન લેખિકાએ ચિત્રિત કર્યું છે. ધીરુબહેન પટેલની નવલકથા 'આંધળી ગલી'ની જેમ કથાનાયિકા ઉમા પણ ઉંમર વીતી ગયા પછી લગ્ન વિહોણી જ રહી જાય છે તેની વાત અહીં સ્પષ્ટ રીતે અનિતા દેસાઈએ ઉમાના પાત્રમાં રજૂ કરી છે.

આમ 'ભારતીય નવલકથામાં નારી'માં વિવિધ ભાષાની પસંદ કરેલી નવલકથામાંથી પસાર થયા બાદ આવતી દરેક નારી પોતાના અલગ અસ્તિત્વની ઘોષણા કરતી જોવા મળે છે. ઈલા આરબ મહેતાની 'બત્રીસ પૂતળીની વેદના'માં નાટકમાં બોલવાના સંવાદો હતા તે ભૂલીને પોતાની વાસ્તવિક જિંદગીમાં બનેલા પ્રસંગો રજૂ કરતી જોવા મળે છે તો 'સાત પગલા આકાશમાં' કથાનાયિકા વસુધાની સાથે અન્ય સ્ત્રીઓ પણ પોતાના ઘર અને ઘરવાળાથી કંટાળીને એક જ આનંદગ્રામની રચના કરે છે. જ્યાં તે પોતાની મરજી મુજબ જીવન જીવતી જોવા મળે છે. ધીરુબહેન પટેલની 'આંધળી ગલીમાં' કથાનાયિકા કુન્દન પોતાની માતાના મૃત્યુબાદ પોતાના પિતાને લીધે લગ્ન કરી શક્તિ નથી. પરંતુ જ્યારે પોતાના પિતાને બીજી સ્ત્રી સાથે સંબંધ હતો તે જાણી આઘાત અનુભવે છે અને 'આંધળી ગલીમાં'થી નિકળવાનો પ્રયત્ન કરે છે. તો હિન્દી નવલકથામાં સુરેન્દ્ર વર્માની 'આવા'માં મધ્યમવર્ગમાંથી આવતી કથાનાયિકા 'નમિતા'ની જિંદગીમાં કેવા કેવા પ્રસંગો બને છે અને ટ્રેનના પ્રતીક સાથે શરૂ થતી નવલકથા પોતાની વાસ્તવિક જિંદગીમાં પાછી ફરે છે તે

દર્શાવવામાં આવ્યું છે તો કૃષ્ણા સોબતીની 'મિત્રો મરજાની'માં મિત્રોની કાયા તરસની વાત લેખિકાએ સ્પષ્ટ રીતે રજૂ કરી છે. સુરેન્દ્ર વર્માની 'મુઝે ચાંદ ચાહિયે'માં કથાનાયિકા પોતાના નામ બદલવાથી માંડી પોતાને જે રીતે જીવન જીવવું છે તે રીતે પોતાના પિતાના ઘરથી અલગ એવી દુનિયા બનાવે છે અને પોતાની ઈચ્છા મુજબનું જીવન જીવતી જોવા મળે છે. તો બંગાળી નવલકથા 'પ્રથમ પ્રતિ શ્રુતિ'માં આશાપૂર્ણા દેવીએ 'સત્યના' પાત્ર દ્વારા એ સમયમાં ચાલતી બંગાળી સ્ત્રીઓની પરિસ્થિતિ કેવા પ્રકારની છે તે રજૂ કર્યું છે. તો 'ન હન્યતે'માં મૈત્રેયી દેવીએ કથાનાયિકા અમૃતાના જીવનના પ્રેમપ્રસંગો વર્ણવવામાં આવ્યા છે. આ કૃતિ આત્મકથનાત્મક કૃતિ તરીકે રજૂ થયેલી છે. તો શરદબાબુની નવલકથા 'વિરાજવહુ'માં 'વિરાજ'માં એક ભારતીય નારી તરીકેની એક આદર્શ મૂર્તિના દર્શન કરાવ્યા છે. પંજાબી અને મરાઠી નવલકથામાં અમૃતા પ્રિતમની 'પિંજર'માં ૧૯૪૭ના ભાગલા સમયે જે ઘટના બની અને તેનો ભોગ બનેલી સ્ત્રીઓની જે સ્થિતિ હતી તે પરિસ્થિતિનું વર્ણન પૂરો નામની કથાનાયિકા દ્વારા રજૂ કરી છે તો દલીપ કૌરની 'આનું નામ જિંદગી'માં કથાનાયિકા ભાનુના જીવનમાં ઘર અને ઘરવાળા બદલતા રહેવાનું દુઃખ તેના જીવનમાં જાણે વણાય ગયેલું હોય તે રીતે રજૂ થયું છે. મરાઠી નવલકથા 'બ્રાહ્મણકન્યા'માં શ્રીધર વ્યંકટેશ કેતકરે અકુલીન સંબંધોના કારણે જે સંતાનો જન્મે છે તેને કેવા સમાજમાં મૂકી શકાય તેની વાત કાલિંદીના પાત્ર દ્વારા રજૂ થતી જોવા મળે છે.

ઉડિયા ભાષાની 'દ્રૌપદી'માં દ્રૌપદીનો જન્મ જ પિતાના અપમાનનો બદલો લેવા માટે થાય છે તો ઈન્દિરા ગોસ્વામીની 'છિન્નમસ્તા'માં ખુદ સતીના જીવનની સાથે વર્ણાયેલા પ્રસંગો અને શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે અટવાયેલા માનવોની કથા રજૂ કરવામાં આવી છે. મિર્ઝા હાદિ રુસ્વાની 'ઉમરાવજાન અદા'માં ગણિકાનું જીવન જીવતી કથાનાયિકા ઉમરાવની દર્દનાક કહાની રજૂ થયેલી જોવા મળે છે. મુપ્પાળ રંગનાયક કમ્માનની 'પત્તાનો મહેલ'માં કથાનાયિકા ભાનુમતીના વાસ્તવિક જીવનમાં પણ પત્તાના મહેલ જ બન્યા છે તેનો વિચાર અહીં રજૂ કરવામાં આવ્યો છે તેના પતિ રાજશેખરમ્‌ને પત્તા રમવાનો શોખ કેટલી હદે હતો

તે પ્રસ્તુત કૃતિમાં દર્શાવવામાં આવ્યું છે અને છેલ્લી નવલકથા ભારતીય અંગ્રેજી નવલકથામાં અનિતા દેસાઈની 'ઉપવાસ/ઉજાણી'માં ઉમાનું પાત્ર ઉપવાસ જેવું દર્શાવવામાં આવ્યું છે. તેના ઘર પરિવારના લોકો ઉમાની સાથે જે રીતનું વર્તન કરતા તે દયનીય હતું. આમ સ્ત્રીઓના જુદા જુદા રૂપોનો વિનિયોગ વિવિધ ભાષાના સર્જકોમાં અનુભવાતો જોવા મળે છે. તેથી જ ભારતીય સંસ્કૃતિ અદ્વિતીય સંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિમાં નારીને નારાયણી ગણવામાં આવે છે. નારીને મહાન શક્તિ તરીકે પ્રયોજવામાં આવી છે. નારીશક્તિ જ આ જગતની નિર્માત્રી છે.